જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । શુક્રવાર । તા. ૨-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પવાર, ફારુક સાથે ચંદ્રાબાબુ નાયડુની મહત્વપૂર્ણ બેઠક

ભાજપ વિરોધી મોરચાને લઈને કવાયત : દિલ્હીમાં બેઠકનો દોર

દેશ-લોકશાહી બચાવવા માટે તમામ વિરોધ પક્ષો એક સાથે એવા તેના ઉપર ચંદ્રબાબુ નાયડુએ ભાર મુક્યો : નાયડુ મિશનને લઈને સૌથી વધુ આશાવાદી

શ્રીનગર

વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા ભાજપ વિરોધી મોરચો બનાવવાની કવાયત તીવ્ર થઈ ચુકી છે. થોડાક મહિના પહેલા એનડીએથી અલગ થઈ ચુકેલા ટીડીપી વડા અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ આ મિશનમાં જોરદારરીતે લાગેલા છે. આજ હેતુસર આજે નાયડુ દિલ્હીમાં હતા. નાયડુએ એનસીપી પ્રમુખ શરદ યાદવ અને નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા સાથે બેઠક યોજી હતી. તમામ દળોના નેતાઓ સાથે બેઠકોને લઈને નાયડુ પહેલાથી જ ખુલાસો કરી ચુક્યા છે કે, રાષ્ટ્રીય સ્તર પર વિપક્ષી દળોનું ગઠબંધન બનાવવા તેમની ભૂમિકા રસ્તો કરનાર તરીકેની છે. આજે બેઠક બાદ નાયડુએ કહ્યું હતું કે, આ મુલાકાતોનો હેતુ દેશને બચાવવાનો છે. મહા બેઠક બાદ ચંદ્રબાબુએ ફારુક અબ્દુલ્લા અને શરદ પવાર સાથે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. આ પહેલા શરદ પવારે કહ્યું હતું કે, નાયડુએ સૂચન કર્યું છે કે, તમામ પક્ષોને સાથે મળીને લડવાની જરૂર છે. આજની આ મુલાકાતનો ઉદ્દેશ્ય એજ રહ્યો હતો. અમારુ મિશન દેશ અને લોકશાહીને બચાવવા માટેનું રહ્યું છે. સીબીઆઈ સંકટનો ઉલ્લેખ કરતા ફારુકે કહ્યું હતું કે, દેશના હાલના સમયે મુશ્કેલ સ્થિતિમાં છે. લોકશાહી ખતરામાં છે. આજ કારણસર આજે અમે મળ્યા છે. કોમન મિનિમમ પ્રોગ્રામની વાત કરી હતી. નાયડુએ શરદ પવારને દેશના મોટા નેતા તરીકે ગણાવીને પોતાને નાના નેતા તરીકે ગણાવ્યા હતા.

લોકશાહી અને તપાસ સંસ્થાઓની સ્થિતિ સારી દેખાઈ રહી નથી. બીજા નેતાઓ સાથે પણ વાતચીત થઈ છે. નાયડુએ કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી સાથે પણ વાતચીત થઈ છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપનો સામનો કરવા માટે તમામ પક્ષોને એક સાથે લાવવામાં આવે તે જરૂરી છે. ભાજપના સાથી રહી ચુકેલા નાયડુએ આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો ન મળવાથી નારાજ થઈને આ વર્ષની શરૂઆતમાં એનડીએ સાથે છેડો ફાડી દીધો હતો. ૨૭મી ઓક્ટોબરના દિવસે નાયડુએ દિલ્હીમાં બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી અને ફારુક સાથે બેઠક યોજી હતી. રાજકીય ઘટનાક્રમનો દોર જોરદારરીતે ચાલી રહ્યો છે. લોકસભા ચૂંટણીમાં તમામ ક્ષેત્રિય પક્ષો પોતપોતની મહત્વકાંક્ષાઓ સાથે રણનીતિ બનાવવામાં લાગેલા છે.

પ્રવાસી વિન્ડિઝની ટીમ માત્ર ૧૦૪ રનમાં ખખડી ગઈ

પાંચમી વનડેમાં ભારતે વિન્ડિઝને ૯ વિકેટે કચડ્યું : શ્રેણી પર કબજો

થિરુવંતનપુરમ

થિરુવનંતપુરમ ખાતે આજે રમાયેલી પાંચમી અને અંતિમ વનડે મેચમાં યજમાન ભારતીય ટીમે પ્રવાસી વેસ્ટ ઇન્ડિઝ પર નવ વિકેટે સરળ રીતે જીત મેળવી લીધી હતી. આની સાથે જ ભારતે વનડે શ્રેણી ૩-૧થી જીતી લીધી હતી. ૧૦૫ રનના સામાન્ય લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમે રોહિત શર્માના અણનમ ૬૩ રનની મદદથી આ મેચ જીતી લીધી હતી. કેપ્ટન વિરાટ કોહલી ૩૩ રને અણનમ રહ્યો હતો. ભારતીય ટીમે ૧૪.૫ ઓવરમાં જીતવા માટેના જરૂરી રન બનાવી લીધા હતા. આ પહેલા ભારતીય બોલરોની ઘાતક બોલિંગ સામે વિન્ડીઝના બેટ્સમેનો ટકી શક્યા ન હતા અને સમગ્ર ટીમ સસ્તામાં ઓલઆઉટ થઈ હતી. રવિન્દ્ર જાડેજાની મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. જ્યારે વિરાટ કોહલીની મેન ઓફ ધ સિરિઝ તરીકે પસંદગી કરવામાં આવી હતી. જીતવા માટેના નજીવા સ્કોરનો પીછો કરતા ભારતીય ટીમે નિરાશાજનક શરૂઆત કરી હતી. શિખર ધવન માત્ર છ રન કરીને આઉટ થયો હતો. અગાઉ ટોસ જીતીને પહેલા વિન્ડીઝની ટીમે બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જે આત્મઘાતી સાબિત થયો હતો. વિન્ડીઝની ટીમ ૩૧.૫ ઓવરમાં ૧૦૪ રન કરીને આઉટ થઈ ગઈ હતી. વનડે ક્રિકેટના ઇતિહાસમાં વિન્ડીઝે ભારતની સામે સૌથી નજીવો જુમલો ખડક્યો હતો. જાડેજાએ ૩૪ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે જસપ્રીત બુમરાહ અને ખલીલ અહેમદે બે બે વિકેટ ઝડપી હતી. વિરાટ કોહલીએ વર્તમાન શ્રેણીમાં ત્રણ સદી ફટકારી છે.



જીતવા માટેના ૧૦૫ રન રોહિત શર્માના ઝંઝાવતી ૬૩ અને વિરાટ કોહલીના ૩૩ રનની મદદથી એક વિકેટ ગુમાવીને બનાવ્યા : જાડેજા મેન ઓફ ધ મેચ

અસ્થાનાની સામે કાર્યવાહી મામલે યથાસ્થિતિનો હુકમ

નવી દિલ્હી

સીબીઆઈની અંદર ચાલી રહેલા ઘમસાણ વચ્ચે આજે દિલ્હી હાઈકોર્ટમાં એજન્સીએ રજા ઉપર મોકલવામાં આવેલા ખાસ અધિકારી રાકેશ અસ્થાનાની અરજીનો વિરોધ કર્યો હતો. અસ્થાનાએ પોતાની સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને રદ કરવાની માંગ કરીને અરજી દાખલ કરી હતી. સીબીઆઈએ કોર્ટમાં કહ્યું હતું કે, ખાસ નિર્દેશક રાકેશ અસ્થાના અને અન્ય લોકોની સામે લાંચરુશ્વતના આરોપોમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆર ગંભીર પ્રકારના અપરાધને દર્શાવે છે. ત્યારબાદ દિલ્હી હાઈકોર્ટે સીબીઆઈને ખાસ નિર્દેશક રાકેશ અસ્થાનાની સામે કાર્યાહીના મામલામાં ૧૪મી નવેમ્બર સુધી યથાસ્થિતિ જાળવી રાખવાનો માટેનો આદેશ જારી કર્યો હતો. એજન્સીએ એફઆઈઆર રદ કરવાની અસ્થાનાની અરજીનો વિરોધ કરી કહ્યું હતું કે, આ સ્તર પર તપાસને રોકવાની બાબત યોગ્ય નથી. સીબીઆઈએ કોર્ટમાં એવી દલીલ પણ કરી હતી કે, અસ્થાનાની સામે તપાસ હાલમાં પ્રાથમિક તબક્કામાં છે. જુદા જુદા દસ્તાવેજો અને અન્ય લોકોની ભૂમિકાના મામલામાં તપાસ ચાલી રહી છે. એજન્સીએ કોર્ટમાં કહ્યું હતું કે, તપાસમાં તેમના હાથ બંધાયેલા છે. કારણ કે કેટલીક ફાઈલો અને દસ્તોજો સીવીસીની ચકાસણી હેઠળ છે. સીબીઆઈએ અસ્થાના દ્વારા મુકવામાં આવેલા તમામ પરોક્ષ આક્ષેપોને ફગાવી દીધા હતા. સીબીઆઈએ એફઆઈઆરમાં અસ્થાના અને ડીએસપી દેવેન્દ્ર કુમાર પર બળજબરીપૂર્વક વસુલી રેકેટ ચલાવવાનો આક્ષેપ કર્યો હતો.

કાશ્મીર : બડગામમાં વધુ બે ત્રાસવાદીને ઠાર કરી દેવાયા

જમ્મુ

જમ્મુ કાશ્મીરના બડગામમાં સુરક્ષા દળોએ આજે સવારે મોટુ ઓપરેશન પાર પાડ્યુ હતુ. આ એન્કાઉન્ટરમાં બે કુખ્યાત ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. બાતમીના આધાર પર સેનાએ સફળ ઓપરેશન પાર પાડ્યુ હતુ. કેટલાક ત્રાસવાદીઓ છુપાયેલા હોવાની માહિતી મળ્યા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શોધખોળ કાર્યવાહી હાથ ધરવામાં આવ્યા બાદ છુપાયેલા ત્રાસવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા બે ત્રાસવાદીઓ ફુંકાઈ ગયા હતા. હાલના દિવસોમાં અનેક ત્રાસવાદીઓ ઠાર થઈ ચુક્યા છે. શુક્રવારના દિવસે બે ત્રાસવાદીઓને ઠાર કરાયા હતા. તે પહેલા છ ત્રાસવાદીઓને ઠાર કરાયા હતા. ગઈકાલે બુધવારે ત્રણ ત્રાસવાદીઓને ઠાર કરાયા હતા અને આજે ગુરૂવારે વધુ બે ત્રાસવાદીઓને ઠાર કરાયા હતા. આની સાથે જ છેલ્લા છ દિવસના ગાળામાં જ ૧૩ ત્રાસવાદીને ઠાર કરી દેવામાં આવ્યા છે. તેમની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક કબજે કરવામાં આવ્યા છે.

સુરત-ભાવનગર એસી બસ ભાડું રૂ. ૫૦૦ રો-રો પેક્સની તમામ ટ્રિપ હાઉસફુલ

સુરત

સુરતથી સૌરાષ્ટ્ર તરફ વતનમાં જતા રત્નકલાકારો દિવાળી વેકેશન દરમ્યાન મોટા ભાગે બસ દ્વારા મુસાફરી કરે છે, જેના કારણે ધસારો વધતાં જ ખાનગી લક્ઝરી બસો દિવાળી વેકેશન દરમ્યાન મન ફાવે તેવાં ભાડાં વસૂલવાની ઉઘાડી લૂંટ ચલાવે છે, તેમાં મુસાફરોને હવે એક નવી તક મળી છે.

રો-રો પેક્સની સર્વિસ અને સાથે એસી બસ, સમયની બચત અને ભાડું અડધું જાહેર થતાં ૧૦ નવેમ્બર સુધીની તમામ ટ્રિપ હાઉસફુલ થઈ ચૂકી છે. મુસાફર તેની નિયત બસ સર્વિસમાં જે તે સ્થળેથી બસમાં બેસશે પણ બસ ટોટલ પ્રવાસ સડકમાર્ગે કરવાના બદલે દહેજ સુધી સફર કરશે. ત્યાર બાદ બસને રો-રો ફેરી સર્વિસમાં ચઢાવી દેવામાં આવશે. બસ દહેજ-ઘોઘા ફેરી સર્વિસ અંતગર્ત ઘોઘા આવશે.

૨૮ ઓક્ટોબરે મુસાફરો માટે શરૂ થયેલી ફેરી સર્વિસમાં ૪ દિવસમાં ૨૨૦૦ મુસાફર, ૫૩૫ કાર, ૧૫૩ ટ્રક અને ૯ બસોએ આવનજાવન કર્યું છે. મુસાફરને બસમાંથી ઊતરી એક કલાકના સમયગાળા માટે દરિયો માણવાનો લહાવો પણ મળશે. તેથી ૧૦ નવેમ્બર સુધીના સમયગાળા દરમ્યાન તમામ બસ ટ્રિપ હાઉસફુલ થઈ છે.

હવે એસટી તંત્ર પણ આનાથી ઓછા ભાડામાં સુરત- ભાવનગર આવનજાવન કરતી બસની કેટલીક ટ્રિપ રો-રો પ્રેક્સ ફરી સર્વિસ દ્વારા શરૂ કરશે તેવું એસટી વિભાગનાં સૂત્રોએ જણાવ્યું હતું, જેના કારણે રૂ.૧૨૦૦માં થતી સુરત-ભાવનગરની મુસાફરી પ્રવાસીઓને માત્ર રૂ.૩૦૦થી રૂ.૫૦૦ સુધીના ભાડામાં પડશે.

એરસેલ મામલે ચિદમ્બરમની ૨૬મી સુધી ધરપકડ નહીં થાય

નવીદિલ્હી

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તિ ચિદમ્બરમને આજે કામચલાઉ રાહત મળી ગઈ હતી. કારણ કે, હવે બંનેની ૨૬મી નવેમ્બર સુધી ધરપકડ કરી શકાશે નહીં. ચકચારી એરસેલ-મેક્સિસ કેસમાં ચિદમ્બરમને કામચલાઉ રાહત મળી ગઈ હતી. બંનેની ધરપકડ ૨૬મી નવેમ્બર સુધી થઈ શકશે નહીં. દિલ્હી કોર્ટે ધરપકડથી રક્ષણની અવધિ ૨૬મી નવેમ્બર સુધી વધારી દીધી હતી. સીબીઆઈ અને ઈડી તરફથી ઉપસ્થિત રહેલા એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ સીબીઆઈ સ્પેશિયલ જજ ઓપી સૈનીને કહ્યું હતું કે, અમારી પાસે હવે ઓછો સમય રહ્યો છે. ચિદમ્બરમ બિલકુલ સહકાર કરી રહ્યા નથી. તેમણે કોર્ટમાં કહ્યું હતું કે, ગુરુવારના દિવસે ચિદમ્બરમની આગોતરા જામીન અરજીના સંદર્ભમાં તે જવાબ દાખલ કરશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગઈકાલે કોર્ટમાં કહ્યું હતું કે, ચિદમ્બરમની કસ્ટોડિયલ પુછપરછ જરૂરી બની ગઈ છે. તપાસમાં ચિદમ્બરમ સહકારી આપી રહ્યા નથી. આજે ધરપકડથી રાહત મળતા ચિદમ્બર તહેવારની ઉજવણી ઘરમાં જ કરી શકશે. ચિદમ્બરમે આ વર્ષે અનેક પ્રકારની કાયદાકીય ગૂંચનો સામનો કર્યો છે. કોર્ટે ૮મી ઓક્ટોબરના દિવસે ચિદમ્બરમ અને તેમના પત્ર કાર્તિને ધરપકડથી વચગાળાની સુરક્ષાની અવધિ વધારીને પહેલી નવેમ્બર કરી દીધી હતી. ચિદમ્બરમે આ વર્ષે ૩૦મી મેના દિવસે ધરપકડથી બચવા માટે અરજી દાખલ કરી હતી.

પીએમ મોદી ઈચ્છે તો ૧૦ મિનિટમાં રામ મંદિર પર બનાવી શકે છે કાયદો : શિવસેના

મુંબઈ

શિવસેના સાંસદ અને પ્રવક્તા સંજય રાઉતે કહ્યુ કે, ''રામ મંદિર પર જો કોઇ બિલ લાવે છે તો અમારી પાર્ટી તેણે સમર્થન કરશે, પરંતુ પ્રાઇવેટ બિલથી રામ મંદિરનું નિર્માણ ના થઇ શકે.'' તેમણે કહ્યુ કે, ''પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જી પર વિશ્વાસ છે કે તેઓ ઇચ્છે તો રામ મંદિરનું નિર્માણ કરાવી શકે છે.

શિવસેનાના નેતાએ કહ્યુ કે,'' રામ મંદિર માટે પ્રાઇવેટ બિલ લાવવામાં આવી રહ્યુ છે તો લાવો, પરંતુ પ્રધાનમંત્રી અને સંઘ પ્રમુખ રામ મંદિરના નિર્માણના તારીખ જણાવે. ૨૦૧૯ પહેલા રામ મંદિર બની શકે છે. અમારી પાસે મંદિર બનાવવા માટે પર્યાપ્ત બહુમત છે. ૨૦૧૯ની ચૂંટણી પહેલા રામ મંદિર માટે નિર્ણય નહીં લેવામાં આવ્યો તો સીટ નહી આવે.

સંજય રાઉતે કહ્યુ કે, હવે સમય આવી ગયો છે કે સરકાર રામ મંદિર માટે અધ્યાદેશ લાવે. તેમણે કહ્યુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જો ઇચ્છે તો દસ મિનિટમાં રામ મંદિર માટે કાયદો બની જાય. આ સરકારને જગાડવા માટે અમારી પાર્ટીના નેતા ઉદ્ધવ ઠાકરે ૨૫ નવેમ્બરના અયોધ્યા જઇ રહ્યા છે. તેમણે આગળ કહ્યુ કે, ''સુપ્રીમ કોર્ટમાં આ મામલો પેન્ડિંગ રહ્યો છે સરકાર તેના પર કાયદો બનાવી અને અધ્યાદેશ પણ લાવે. આ માટે સરકારે સમયના બગાડવો જોઇએ.'' આ સાથે જ સંજય રાઉતે કહ્યુ કે, ''કોર્ટે આ મુદ્દા પર જનભાવના સમજવી જોઇએ. સંજય રાઉતે કહ્યુ કે, ''જો સરકાર આ મુદ્દા પર જલ્દીથી કાયદો નહી બનાવે તો લોકસભા ચૂંટણીમાં નુકસાન થશે. ૨૦૧૯માં ચૂંટણીમાં ૨૮૧ સભ્યોની સ્થિતિ નહી રહે.

હવે ગંગા નદીમાં પ્રદૂષણ કરનાર લોકોની ધરપકડ થશે

ન્યુ દિલ્હી

ગંગા નદીને કેન્દ્ર સરકારે સાફ કરવાના પ્રયત્નો કર્યા છે. તેના માટે સરકારે ગંગા બિલ ૨૦૧૮ ની રજૂઆત કરી છે. જેમાં ગંગા પ્રોટેક્શન કોર્પ્સની નિયુક્તિનું સૂચન આપવામાં આવ્યું છે. સરકારી દસ્તાવેજો અને કેસ સંબંધિત લોકોનું કહેવું છે કે જે ગંગામાં પ્રદૂષણ કરશે તે લોકોની ધરપકડ કરવામાં આવશે. આ કાયદો નદીને સાફ રાખવામાં અને પુનર્જીવીત કરવામાં મદદ કરશે.

રાષ્ટ્રીય ગંગા કાઉન્સિલની માંગ પર આ પોલીસવાળાઓનો ખર્ચ ગૃહમંત્રાલય પૂરો કરશે. કાઉન્સિલમાં પાંચ નિષ્ણાતોની એક ટીમ હશે જેની પાસે કોઈ પણ એવો ઉદ્યોગ બંધ કરવાનો અધિકાર છે કે જેનાથી ગંગા પર અસર થાય છે. સાથે તે બધી જ પ્રવૃત્તિ પર પ્રતિબંધ લાવી શકે છે કે જેનાથી નદીમાં પ્રદૂષણ થાય છે.

ગંગા અધિનિયમ હેઠળ ગુનાઓમાં ઘાટને દુષ્ટ કરવું અથવા નુકસાન પહોંચાડવું કે પછી સીડીને ગંદી કરવી અથવા કોઈ અપમાનજનક વસ્તુ નદીમાં ફેંકવી, વગેરેનો સમાવેશ થાય છે. બીજા ગુનાઓમાં પથ્થરનું ખાણકામ, પરવાનગી વગર માછલીઓ પકડવી, પહાડી ઢોળાવ અથવા વનમાંથી ઝડ કાપી નાખવું, ટ્યૂબવેલ અથવા ઉદ્યોગની જરૂરિયાત ભૂગર્ભમાંથી કચરો નિકાલ કરવો. વગેરે પ્રકારનાં ગુનાઓનો સમાવેશ થાય છે. આ બધા ગુનાઓ માટે બે વર્ષ સુધી જેલ અથવા ૫૦,૦૦૦ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

આ ગુનાઓ અને ફરિયાદ રાષ્ટ્રીય નદી ગંગા બિલ ૨૦૧૮ હેઠળ આવે છે. બિલ કહે છે કે કેન્દ્ર સરકારની ગંગાના વ્યવસ્થાપન, નિયમન અને વિકાસ પર નજર રહેશે અને તે રાષ્ટ્રીય નદીની ગુણવત્તા સુધારવામાં મદદ કરશે. ભૌગોલિક, ઐતિહાસિક, સામાજિક-સાંસ્કૃતિક અને આર્થિક વિશ્વાસના કારણો ગંગાને રાષ્ટ્રીય નદીનો દરજ્જો આપવામાં આવે છે. કલમ ૫૪ મુજબ જો કોઈ કંપની ગુનો કરે છે, તો કંપનીમાં તે સમયે હાજર રહેલા દરેક વ્યક્તિને દોષિત ગણવામાં આવશે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં નકલી માર્કશીટ કૌભાંડ ઝડપી પાડતી વડોદરા એસઓજી



એક મહિલા સહિત કુલ ત્રણ આરોપીઓને એમએસ યુનિવર્સિટીના પ્રમાણપત્રો સહિત અન્ય શૈક્ષણિક સંસ્થાઓના પ્રમાણપત્રો અને રબર સ્ટેમ્પ મળી કુલ રૂપિયા ૨૨,૫૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી એસઓજી પોલીસ

'નકલી માર્કશીટ કૌભાંડ ઢાંકી' પોલીસ ઓનરેબલ કમિશ્નર 'ગતિ ઓ શિક્ષણ વ્યવસ્થામાં એક દુષ્ટ ગેંગ લક્ષ્ય પડકાર. અરે જી, વડોદરા, કરવા માટે', શ્રી anupamasingha ગેહલોત માર્ગદર્શન પ્રતિબદ્ધ તેમજ છેતરપિંડી કે નકલી દસ્તાવેજો શોધવા માટે, ગંભીર કેસો / દરખાસ્તો સૂચવવામાં આવે છે. ૩૧/૦૭/૨૦૧૮ એચ. એમ ચૌહાણ ઈન્ચાર્જ પીઓ ઈન્સ એસએસજીએસસી / એચએસસી અને વિવિધ યુનિવર્સિટીઓના બનાવટી માર્કશીટ્સ બનાવો. હાલમાં ઘરના કેટલાક ઘરો દ્વારા બનાવટી માર્કશીટ્સ બનાવવામાં આવ્યા છે. ગમે તે વિતરણ થાય છે. બુદ્ધિના આધારે, બુદ્ધિના આધારે એમ. ચૌહાણ ઈનચાર્જ પીએસ-ઈન. એસ.જી. અને સ્ટાફના સભ્યોએ ઉપર જણાવેલ સ્થળ પર હુમલો કર્યો અને ભૂષણ કરણ પટેલને ઝડપી પ્રમોશન આપ્યું. ભૂશેરાએ કરણ પટેલના ઘર પર છાપા કરી અને છાપેલ માર્કશીટ્સ અને એલ. મળો જેના આધારે, રહો. ગુના દાખલ કર્યો ..

વશિષ્ઠ પટેલનો મૂળ ટેકો: ઉત્પાદકો અને લાવા કાચબા થાકી ગયા છે. ૪૧ સ્ક્રાજિરૈંજ સભ્યપદ પ્રમાણપત્રો - - ૦૫, કુલ રબર સ્ટેમ્પ - ૩૭ કિ ૧૩ ઈચ્છા સોસાઈટી ન્યુ સદર રોડ વડોદરા, મુકેશ પરમારના ઘર ચેડા કરી આપે છે. રૂ. ૧૮૫૦ / - અને ઈલેક્ટ્રોનિક સાધનો (કમ્પ્યુટર, સ્કેનર, પ્રિન્ટર, પેન ડ્રાઈવ). રૂ. ૨૦, ૭૦૦ / - પણ ખાલી પેપર્સ ૨૨ / ૦ / - ની સંપૂર્ણ શ્રેણી સાથે ઉપલબ્ધ છે. મુકેશ પરમાર અને પૂછપરછ ભૂષણ પટેલ સામે પ્રશ્નો ઉઠાવ્યા છે ત્યારે, આજે ધરપકડ કરવામાં આવી છે એજન્ટો વર્તમાન તબક્કામાં pinakin Jagdishbhai રાવલ કહેવાય. એફ એસ એલ સહાય, ઈલ Ktnik, સાધનો ઝીણવટભરી તપાસ, અને કેટલાક અન્ય બનાવટી Markshits અને એલસી તપાસ ચાલી રહી છે. આમ, નવ યુવાન લોકો જેમણે ઘણા માર્કશીટ્સ પ્રાપ્ત કર્યા છે તે ૨૦ થી ૨૫ હજાર રૂપિયામાં રેકેટ લઈ ગયા. લાયક ઉમેદવારોને નુકસાનનો સામનો કરવો પડ્યો છે. અને શિક્ષણ પ્રણાલી સીધી પડકાર બની જાય છે. વડોદરા શહેર જી આ હકીકત આધારે કૌભાંડ પ્રસર્યું તે પહેલા આરોપી ઉપકરણ સામગ્રી સાથે પકડવામાં આવ્યો હતો.. આ ઠગ ગેંગના એલસીમાંથી કેટલા બોગસ માર્કશીટ્સ બનાવવામાં આવે છે? તેમની વર્તમાન તપાસ ચાલુ છે.

'નકલી માર્ક શીટ કૌભાંડ ઢાંકી' પોલીસ ઓનરેબલ કમિશ્નર ×ગતિ ઓ શિક્ષણ વ્યવસ્થામાં એક દુષ્ટ ગેંગ લક્ષ્ય પડકાર. અરે જી, વડોદરા, કરવા માટે×, અનુપમ સિંહ ગેહલોત માર્ગદર્શન પ્રતિબદ્ધ તેમજ છેતરપિંડી કે નકલી દસ્તાવેજો શોધવા માટે, ગંભીર કેસો / દરખાસ્તો સૂચવવામાં આવે છે. ૩૧/૦૭/૨૦૧૮ એચ. એમ ચૌહાણ ઈન્ચાર્જ પીઓ ઈન્સ એસએસજીએસસી / એચએસસી અને વિવિધ યુનિવર્સિટીઓના બનાવટી માર્કશીટ્સ બનાવો. હાલમાં ઘરના કેટલાક ઘરો દ્વારા બનાવટી માર્કશીટ્સ બનાવવામાં આવ્યા છે. ગમે તે વિતરણ થાય છે. બુદ્ધિના આધારે, બુદ્ધિના આધારે એમ. ચૌહાણ ઈનચાર્જ પીએસ-ઈન. એસ.જી. અને સ્ટાફના સભ્યોએ ઉપર જણાવેલ સ્થળ પર હુમલો કર્યો અને ભૂષણ કરણ પટેલને ઝડપી પ્રમોશન આપ્યું. ભૂશેરાએ કરણ પટેલના ઘર પર છાપા કરી અને છાપેલ માર્કશીટ્સ અને એલ. મળો જેના આધારે, રહો. ગુના દાખલ કર્યો ..

વશિષ્ઠ પટેલનો મૂળ ટેકો: ઉત્પાદકો અને લાવા કાચબા થાકી ગયા છે ૪૧ માર્કશીટ સભ્યપદ પ્રમાણપત્રો - - ૦૫, કુલ રબર સ્ટેમ્પ - ૩૭ કિ ૧૩ ઈચ્છા સોસાઈટી ન્યુ સદર રોડ વડોદરા, મુકેશ પરમારના ઘર ચેડા કરી આપે છે. રૂ. ૧૮૫૦ / - અને ઈલેક્ટ્રોનિક સાધનો (કમ્પ્યુટર, સ્કેનર, પ્રિન્ટર, પેન ડ્રાઈવ). રૂ. ૨૦, ૭૦૦ / - પણ ખાલી પેપર્સ 22p / 0 / - ની સંપૂર્ણ શ્રેણી સાથે ઉપલબ્ધ છે. મુકેશ પરમાર અને પૂછપરછ ભૂષણ પટેલ સામે પ્રશ્નો ઉઠાવ્યા છે ત્યારે, આજે ધરપકડ કરવામાં આવી છે એજન્ટો વર્તમાન તબક્કામાં pinakin Jagdishbhai રાવલ કહેવાય. એફ એસ એલ સહાય, ઈલ Ktnik, સાધનો ઝીણવટભરી તપાસ, અને કેટલાક અન્ય બનાવટી Markshits અને એલસી તપાસ ચાલી રહી છે. આમ, નવ યુવાન લોકો જેમણે ઘણા માર્કશીટ્સ પ્રાપ્ત કર્યા છે તે ૨૦ થી ૨૫ હજાર રૂપિયામાં રેકેટ લઈ ગયા. લાયક ઉમેદવારોને નુકસાનનો સામનો કરવો પડ્યો છે. અને શિક્ષણ પ્રણાલી સીધી પડકાર બની જાય છે. વડોદરા શહેર જી આ હકીકત આધારે કૌભાંડ પ્રસર્યું તે પહેલા આરોપી ઉપકરણ સામગ્રી સાથે પકડવામાં આવ્યો હતો.. આ ઠગ ગેંગના એલસીમાંથી કેટલા બોગસ માર્કશીટ્સ બનાવવામાં આવે છે? તેમની વર્તમાન તપાસ ચાલુ છે.

જેતપુરના ચાર ઉદ્યોગપતિઓ પાસે પોરબંદરની ગેંગના નામે ખંડણી માગતા બે શખ્સો ઝડપી લેવાયા



જેતપુર :- ઔદ્યોગિક શહેર જેતપુરમાં હજુ થોડા દિવસો પહેલાં જ પોરબંદરની ગેંગ દ્વારા ઉદ્યોગપતિઓ પાસે ખંડણી માંગવાની ફરિયાદો બાદ ડરના માહોલ વચ્ચે ઉદ્યોગપતિઓ દ્વારા શહેરના તમામ કારખાનેદારોની બેઠક બોલાવેલ ત્યાર બાદ ખંડણી માંગનાર તમામ આરોપીઓ સામે કડક હાથે કામગીરી લેવાની સરકારની સૂચનાથી પોરબંદરની ગેંગના ખંડણીખોરો જેતપુર શહેરમાં ક્યાંય દેખાતા ન હતા કે કોઈ ઉદ્યોગપતિને ખંડણી માટેનો ફોન કરતા ન હતા એવામાં ગત તારીખ ૧૭-૧૦ના રોજ શહેરના એક કારખાનેદાર કીર્તિભાઈ પરસોતમભાઈ છાંટબારને તેઓના મોબાઈલ નંબર પર ૯૫૭૪૮ ૮૬૯૯૩ નંબર પરથી ફોન આવેલ કે હું પોરબંદરથી ઓડેદરા બોલું છું તું મોટો ઉદ્યોગપતિ છો અને તારે જો શાંતિથી જીંદગી પસાર કરવી હોય તો ૧૫ લાખ રૂપિયા આપવા પડશે જેથી કીર્તિભાઈ ગભરાઈ ગયા અને સિટી પોલીસ સ્ટેશને આવીને પોલીસને તમામ વાત કરતા પોલીસે તેઓ પાસેથી ખંડણી માંગવાની અરજી લીધેલ પરંતુ શહેરના બીજા ઉદ્યોગપતિઓ પાસેથી પણ કીર્તિભાઈને જે મોબાઈલ નંબર પરથી ફોન આવેલ તે નંબર પરથી જ ફોન કરીને ૧પલાખની ખંડણી માંગ્યાની રાજુભાઈ કોટડિયા, મયુરભાઈ કવાભાઈ વેકરિયા અને જગદીશભાઈ સીતાપરાએ પણ પોલીસને જણાવતાં પોલીસ પણ ગંભીર બનીને ઉદ્યોગપતિઓ સાથે દરરોજ સંપર્ક રાખીને અમો આરોપીઓને પકડી લઈશું તેવી બાંહેધરી આપી સાંત્વના આપતા હતા જેમાં પોલીસેને પકડવા છટકું ગોઠવ્યું અને છંટકા મુજબ ખંડણીખોરો પાસેથી સમય મર્યાદા વધારવાની માંગ ફરિયાદી કીર્તિભાઈએ કરેલ જે ખંડણીખોરોએ મંજૂર રાખેલ પરંતુ તે દરમિયાન પણ ખંડણીખોરો કીર્તિભાઈને ફોન કર્યા રાખતા જેનું લોકેશન અમદાવાદ, કુતિયાણા પાસેના વાડાસડા તેમજ દુમિયાણી ગામ પાસેનું આવતા પોલીસને પણ પોરબંદરની ગેંગ જ કદાચ હોય તેવું લાગવા માંડ્યું હતું જેમાં ખંડણીખોરોએ કીર્તિભાઈને ખંડણીના પૈસા કુતિયાણા પાસેના વાડાસડા ગામ પાસે હાઈ વે પર એક કેરીના બોક્ષમાં મુકી દેવાનું જણાવેલ અને પૈસા લઈને ડ્રાઈવરને મોકલવાનું જણાવેલ જેમાં પોલીસે ડ્રાઈવર તરીકે પોતાની જ ટીમના એક કોન્સ્ટેબલને મોકલેલ પરંતુ પૈસા મૂક્યા નહી જેથી ખંડણીખોરો ગુસ્સે ભરાયા અને કીર્તિભાઈને ધમકીઓ આપવા લાગ્યા આટલા દિવસોમાં પોલીસને પણ ખંડણીખોરોનું લોકેશન મળી ગયું અને તેઓની ઓળખાણ પણ થઈ જતા પોલીસે પોરબંદરની ગેંગના નામે ખંડણી માંગવાના ગુન્હામાં વડાલ ગામનો પિયુષ શૈલેષ દોંગા કે જે જેતપુર શહેરના જુનાગઢ રોડ પર ઓમ સર્વિસ સ્ટેશન નામે વાહનો ધોવાનું કામ કરે છે અને તે ઘોડિપાસાનો જુગાર રમવાની આદત ધરાવતો હોય તેમાં તેના પર પાંચેક લાખ રૂપિયાનો કરજો થઈ ગયેલ હોવાથી તેને કરજો ઉતારવા ખંડણી માંગવાનો વિચાર આવ્યો અને તેના સર્વિસ સ્ટેશને વાહનો ધોવડાવવા આવતા ઉદ્યોગપતિઓને તે સારી રીતે ઓળખતો હોય અને તેઓના મોબાઈલ નંબર પણ તેની પાસે હોવાથી પિયુષે આ ઉદ્યોગપતિઓ પાસેથી ખંડણી માંગવાનો નિર્ણય લીધો જેમાં તેમાં તેણે ઉદ્યોગપતિઓ પાસેથી ફોન કરીને ખંડણી માંગવામાં પોતાનો મિત્ર કે જે મેટાડોર ચલાવે છે અને જેતપુરમાં જ રહે છે તે કિશોર અરજણ રબારીનો સાથ લીધો અને કિશોરને ખંડણીની પચાસ ટકા રકમ ભાગમાં આપવાનું જણાવેલ જેથી બંને સાથે મળીને ઉદ્યોગપતિઓ પાસેથી ખંડણી માંગી જે ગુન્હા સબબ જેતપુર પોલીસે બંનેની ધરપકડ કરી હતી.

યુવતીને ગર્ભવતી બનાવી તરછોડી દેનાર પરિણીત પુરૂષ સામે ફરિયાદ

લગ્નનું પ્રલોભન આપી પરણેલા પુરૂષે યુવતીનું જાતિય શોષણ કર્યું

સુરત

લગ્ન કરવાની લાલચ આપી બબ્બે વખત યુવતીને ગર્ભવતી બનાવી દઈ તરછોડી દેનાર મોટા વરાછાના પરિણીત વ્યક્તિ સામે અમરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મોટા વરાછા ધર્મનંદન રો હાઉસમાં રહેતાં સાવનભાઈ જીતુભાઈ પટેલ સાથે પીડિતાના પ્રેમ સંબંધ બંધાતા આરોપી સાવનભાઈએ પોતાની પત્ની સાથે છુટાછેડા લઈ લગ્ન કરવાની લાલચ આપી હતી અને ફરિયાદી પીડિતા સાથે શરીર સુખ માણતા પીડિતા ગર્ભવતી રહેતાં આરોપીએ ગર્ભ પડાવી નાંખ્યો હતો. ત્યારબાદ આરોપીએ ફરી વખત બળજબરી કરી શરીર સંબંધ બાંધતા ફરિયાદી પીડિતાને ૧ માસનો ગર્ભ રહ્યો હતો. જેથી આરોપીએ બાળકને અપનાવવાની ના પાડી દઈ શારીરિક માનસિક શોષણ કર્યું હતું. અમરોલી પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. વધુ તપાસ પીએસઆઈ એસ.ડી. કારેણા કરી રહ્યા છે.

શિક્ષણ પાત્રાની ભવ્ય સફળતા બાદ ભરવાડ સમાજે છાત્રાલયનું ભગીરથ કાર્ય આદર્યું

સુરત

ગોપાલક ભરવાડ સમાજ સેવાભાવી સંસ્થા દ્વારા મહારાષ્ટ્રમાં ગતરોજ છાત્રાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભરવાડ સમાજના કર્ણધર વિજયભાઈ માલાભાઈ ભડિયાદરાએ ૫૧ લાખ રૂપિયા છાત્રાલયના નિર્માણ માટે દાનમાં આપવાની જાહેરાત કરી હતી. મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાના શિરપુર તાલુકામાં બાલબજ ખાતે છાત્રાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. છાત્રાલયનું ખાતમુહૂર્ત સમાજના ધર્મગુરૂ પુજય રામબાપુના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ છાત્રાલય થકી મહારાષ્ટ્રમાં સમાજમાં એજયુકેશન સ્થિતિઓ વિકાસ પામશે તેમજ મહારાષ્ટ્ર સમાજના યુવાનો જ્ઞાન પ્રદાન કરશે. વિદ્યાર્થીઓ પોતાનું ઘર છોડી અભ્યાસ માટે છાત્રાલયનો ઉપયોગ કરશે તેવા હેતુથી છાત્રાલયનું ખામમુહૂર્ત કરવામાં આવ્યું છે. દાનવીર વિજયભાઈ માલાભાઈ ભડિયાદરાએ ૫૧ લાખ રૂપિયા છાત્રાલયમાં દાન આપવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે દાનવીર વિજયભાઈનું સન્માન સાથે અભિવાદન કરવામાં આવ્યું હતું. ભરવાડ સમાજમાં શિક્ષણરૂપી પરિશ્રમના શિખરો સર કરાવનાર વિજયભાઈ માલાભાઈ ભડિયાદરા ગુજરાત ભરવાડ સમાજના અગ્રણી છે. ભરવાડ સમાજ દ્વારા ગયા વર્ષે આજ તારીખે ગુજરાત રાજયમાં શિક્ષણ રથયાત્રા કાઢવામાં આવી હતી. તેના બીજા વર્ષે ભરવાડ સમાજે છાત્રાલયનું ખાતમુહૂર્ત કરી બીજું ભગીરથ કાર્ય કર્યુ હતું.

લાંચ કેસના આરોપી પ્રિન્સ સુમરાએ હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી

જામીન અરજીની તા.૧૯ નવેમ્બરે હાઈકોર્ટમાં સુનાવણી

સુરત

સૈયદપુરા વિસ્તારના એક બિલ્ડર પાસે ગેરકાયદેસર બાંધકામમાં કોઈ અધિકારીની હેરાનગતિ નહીં થાય તેવી ખાત્રી આપી રૂા.૭પ હજારની લાંચ માંગવાના કેસમાં સુરત કોર્ટે તેમના જામીન ફગાવી દીધા હતા. ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જેની સુનાવણી વિદ્વાન જસ્ટીસ એ.વાય. કોગ્ઝેની કોર્ટમાં ૧૯મી નવે.ના રોજ હાથ ધરાશે એવું બચાવ પક્ષના એડવોકેટ કલ્પેશ દેસાઈ અને વિરલ ચલીયાવાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, સૈયદપુરા વિસ્તારમાં રહેતા એક બિલ્ડર પાસે વોર્ડ નં.૧૧ સૈયદપુરા કુબેરનગર તથા નાણાવટ શાહપોરની ભાજપની મહિલા કોર્પોરેટર નેન્સી સુમરાના ભાઈ પ્રિન્સ તથા પિતા મોહન સુમરાએ રૂા.૭પ હજારની લાંચ માંગી હતી. એસીબીના અધિકારીઓએ છટકુ ગોઠવી રૂા.૫૦ હજારની લાંચ સ્વીકારતા પિતા પુત્ર ઝડપાઈ ગયા હતા. તબક્કાવાર પિતા પુત્ર અને પુત્રી નેન્સી સુમરાની ધરપકડ કરાયા બાદ તેઓને લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા. નેન્સી સુમરાનો જામીન પર છુટકારો થયા બાદ આરોપી પ્રિન્સ સુમરાએ સુરત કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે ફગાવી દેવાયા બાદ તેણે હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી.

વાવ ગામ પાવર હાઉસ નજીક નકલી પોલીસે શ્રમજીવી યુવકને લૂંટી લીધો

ત્રણ જણાં પોલીસની ઓળખ આપી, મોપેડ, મોબાઈલ ફોન લૂંટી ગયા

સુરત

વાવ ગામ ગેલેકો પાવર હાઉસ પાસેથી પસાર થઈ રહેલા એક મજુરને પોલીસ હોવાની ખોટી ઓળખ બતાવી ગળા પર ચપ્પુ મુકી એક્ટીવા વાહન, મોબાઈલ ફોન તથા રોકડા રૂપિયા મળી કુલ રૂા.૩૧ હજારની લૂંટ ચલાવી ત્રણ અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકે નોંધાતા પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના દેવરીયા જિલ્લાના સોનરીયા તાલુકાના વતની અને હાલમાં વાપી ચાર રસ્તા પાસે રહેતા ૧૯ વર્ષનો આયુષકુમાર શ્રીહરીસિંગ ગત દિવસોમાં કામરેજ-વાવ પાસેથી પોતાની એક્ટીવા પર જઈ રહ્યો હતો. ત્યારે અજાણ્યા ત્રણ ઈસમો યામાહા મોટર સાયકલ પર આવી પોલીસ હોવાની ખોટી ઓળખ બનાવી ચપ્પુ ગળા પર મુકી ૨૦ હજાર રૂપિયાની એક્ટીવા વિવો કંપનીનો મોબાઈલ ફોન તથા રોકડા રૂા.૬ હજાર મળી કુલ રૂા.૩૧૦૦૦ની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. મજુર યુવાને કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

વરીયાવી બજર મદારીવાડમાં વરલી મટકાના અડ્ડા પર પીસીબીનો છાપો

સુરત

વરલી મટકાના અડ્ડા ઉપર પીસીબી પોલીસે દરોડા પાડી રૂા.૭૨,૪૩૦ની મતા કબજે કરી હતી. જ્યારે ડુમસ પોલીસે પાંચ જુગારીની ધરપકડ કરી હતી.

પીસીબી પોલીસે મળેલી બાતમીના આધારે વરીયાવી બજાર મદારીવાડમાં દરોડા પાડી વરલી-મટકાનો અડ્ડો ચલાવનાર અજરૂદ્દીન ઉર્ફે અજજુ ચીના, ઝોયેબ ફીદાહુસૈન, ફારૂક યુસુફ, ગુણવંત રાઠોડ, ઉસ્માનગની મન્સુરી, શેખ મુનાફમીયાની ધરપકડ કરી પાંચ મોબાઈલ ફોન, ત્રણ કેલક્યુલેટર, ૧૯૮ ચીઠ્ઠીઓ, રોકડા રૂા.૬૦૬૩૦ મળી કુલ રૂા.૭૨૪૩૦ની મતા કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વરીયાવી બજાર પાસે આવેલા મદારીવાડમાં વરસોથી વરલી મટકાનો અડ્ડો ચાલી રહ્યો છે અને અનેક વખત આ અડ્ડા પર પોલીસે છાપા મારી જુગારીઓને ઝડપી પાડ્યા હતા. તેથી મદારીવાડ વિસ્તાર જુગારની બદી માટે કુખ્યાત વિસ્તાર ગણાય છે.

ભટારના ડીપાર્ટમેન્ટલ શો રૂમમાં ચોરી કરનાર કેશિયરની ધરપકડ

સુરત

ભટાર રોડ ઉપર આવેલ ધીરજ સન્સનો કેશિયર રોકડા રૂા.૫૪૦૦૦ની ચોરી કરી ગયો હતો.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ભટાર ચાર રસ્તા ઈન્દ્રલોક એપાર્ટમેન્ટમાં આવેલ ધીરજ સન્સનો કેશિયર આશુતોષ ભગવાન જયસ્વાલની ધરપકડ કરી હતી. આ અંગે મુસ્તુફા સમદ શેખે ખટોદરા પોલીસ મથકે આરોપી આશુતોષ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરી ચોરીના ગુનામાં સંડોવાયેલા આરોપી રહે. અંબાનગર, ખટોદરાએ રોકડા રૂા.૫૪૦૦૦ની ચોરી કરી હતી. આ અંગે મુસ્તુફા સમદ શેખે ખટોદરા પોલીસ મથકે આરોપી આશુતોષ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરી ચોરીના ગુનામાં સંડોવાયેલા આરોપી

ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય વસોયા લોકહિતની લડાઈઓ લડવામાં વામણા : અંગતહિતની લડાઈ લડવામાં માહેર

ઉપલેટા તાલુકાના પાનેલી ગામે ફુલઝર-૨ માંથી પિયત માટે પાણી છોડવાના મુદ્દે સ્વૈચ્છિક ગામ બંધ રાખ્યું હોવા છતાં લોકોને આશ્વાસન આપવામાંથી પણ વસોયા ભાગી છૂટ્યા

જ્યાં ખરું લડવાનું હોય ત્યાં લડતા નથી અને બિન જરૂરિયાત વાળી પાયાવિહોણી લડાઈઓ લડી વસોયા સાબિત શું કરવા માંગે તેવો વેધક સવાલ !



ઉપલેટા:

ધોરાજી તથા ઉપલેટાના ધારાસભ્યને ગત વિધાનસભાની ચૂંટણીઓમાં લોકોએ તેમના પર વિશ્વાસ રાખી ખોબલે ખોબલે મત આપી ચૂંટીને મોકલ્યા છે ત્યારથી સત્તાના કેફમાં આવેલ વસોયાના મનમાં લોકો પ્રશ્નો એટલે શું તેવો ઘાટ સર્જાયો છે.વિગતે વાત કરીએ તો પોતાના વિસ્તારના લોકપ્રશ્નોને નેવે મૂકી વસોયા રાજ્યકક્ષાએ લાઈમ લાઈટમાં રહેવા વસોયા સતત મથી રહ્યા છે

વસોયાના હોમ ગ્રાઉન્ડ ધોરાજીમાં પણ પાલિકામાં પોતાની આબરૂ બચાવવા ગાંધીછાપ થપ્પીઓનો સહારો લેવો પડ્યો તેવી લોકચર્ચાઓ !

જળ સમાધિ, રેતી ચોરી, જેતપુરનું પ્રદુષિત પાણી, ખેડૂતો માટે કોંગ્રેસ પ્રેરિત અર્ધનગ્ન વિરોધ, ભાદર ડેમના પાટિયા જાતે ખોલવાની મોટા ઉપાડે જાહેરાત જેવા અનેક કાર્યક્રમો પરિણામલક્ષી ન નિવડતા નીચા જોણું થયું !

જે વિશે વિગતે વાત કરીએ તો તેમના હોમ ગ્રાઉન્ડ એવા ધોરાજીમાં લોકો પાણી માટે વલખા મારી રહ્યા છે ત્યારે વસોયા અમુક રાજકીય મુદ્દાઓને માથે ચડાવી તેની પર લડત લડી રાજકીય છેત્રે પોતાનું કદ વધારી સ્થાનિક પ્રજાની અવગણના કરી રહ્યા હોવાનો ઘાટ સર્જાયો છે.હાલ તાજેતરમાં વધુ એક આવી જ ઘટના તેમના મત વિસ્તાર પાનેલીમાં બની હતી કે જેને ચૂંટણી વેળાએ ધારાસભ્ય વસોયાનો સેફ ઝોન ગણવામાં આવતો હતો. .પાનેલીની ઘટના વિશે જાણકારી મળતી જાણકારી મુજબ ગતરોજ સમગ્ર પાનેલી ગામે સ્વૈચ્છિક રીતે પોતાના ધંધા-રોજગાર બંધ રાખી સરકાર દ્વારા કરાયેલ ફુલઝર-૨ ડેમમાંથી પિયત માટે પાણી છોડવાના નિર્ણયનો ઉગ્ર વિરોધ નોંધાવેલ હતો અને ગામલોકો સાથે વિગતે વાત કરતા તેઓએ જણાવેલ કે હાલ ફુલ ડેમની ઉંડાઈ ૪૦ ફૂટ છે જ્યારે તેમાંથી ૩૪ ફૂટ તો ગાર છે અને માત્ર ૬ જ ફૂટ પાણી છે તેની સામે પાનેલી ગામની ૧૫૦૦૦ જેટલી વસ્તી છે.જો સરકાર આવો તઘલખી નિર્ણય લઈ અને તેમાંથી પિયત માટે પાણી છોડે તો ગામ લોકો આવનાર ભવિષ્યમાં પીવાના પાણીથી વંચિત રહે તેવી પરિસ્થિતિ સર્જાવાની વકી છે ત્યારે ગામ લોકો દ્વારા ડેમના પાણીને પીવા માટે જ અનામત રાખવાની માંગ સાથે ધંધા-રોજગાર બંધ રાખી સરકારને જગાડવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.પરંતુ સમગ્ર ઘટનાક્રમ તથા લોકોની માંગણીઓ વિશે વિસ્તારના તથા સતત લોકોને સાથે તેઓ છે તેવી મોટી ગુલબાંગો પોકારનારા ધારાસભ્ય વસોયા તો જાણે અજાણ હોય તેવો ઘાટ સર્જાયો છે.કારણ કે તેઓ ગામ તથા ગામલોકોની સમસ્યા સારી રીતે જાણતા હોય તો સરકારમાં નાની-નાની વાતોમાં મોટી-મોટી રજૂઆત કરનારા ધારાસભ્ય વસોયા આટલી મહત્વની રજૂઆત કરવાનું ચૂકી ન ગયા હોય તેવું ચોક્કસ પણે માનવામાં આવી રહ્યું છે જ્યારે સિક્કાની બીજી બાજુ જોતા લોકહિત કરતા અંગતહિતના પ્રશ્નોને વધુ ઉજાગર કરનારા ધારાસભ્ય વસોયાને આમાં અંગત હિત નહિ દેખાયો જેને લઈને પણ તેઓ આ મુદ્દે અળગા રહ્યા હોવાનું પણ તેમની નજીકના લોકો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે.જ્યારે રોજ-બરોજ બનતી આવી ઘટનાઓને લીધે ધારાસભ્ય વસોયા ધીરે-ધીરે પોતાની લોકચાહના ગુમાવી રહ્યા છે અને જેને લઈને જ તો તેના અંગત સાથીદારોએ આવનારી લોકસભાની ચુંટણીઓ વેળાએ પોતાની બાજી સુધારવા વસોયાની છાવણી મૂકી બીજી છાવણીઓમાં પોતાના હોદ્દાઓની ગોઠવણમાં વ્યસ્ત બનેલ છે.

નખત્રાણાના જીયાપર ગામમાં એટીએમમાંથી ચોરીનો પ્રયાસ કરનાર ગણતરીના કલાકોમાં ઝડપાયો





ભુજ કચ્છ: નખત્રાણા તાલુકાના જીયાપર ગામમાં એટીએમમાંથી ચોરીનો પ્રયાસ કરનાર આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં પકડી પાડ્યો છે. નખત્રાણા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.ન.૯૩/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૮૦, ૫૧૧ મુજબનો તા.૧/૧૧/૨૦૧૮ ના રોજ ૨:૧૦ વાગે પ્રકાશમાં આવ્યું હતું તેમાં નખત્રાણા તાલુકાના જીયાપર ગામમાં આવેલ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચના એટીએમ મશીનના ખુલ્લા મકાનમાં કોઈ ચોર ઈસમ સાલ ઓઢી, હેલમટ પહેરીને પ્રવેશ્યો હતો. એટીએમમાં પ્રવેશ કરીને રૂપિયાની ચોરી કરવાના ઈરાદાથી એટીએમ મશીનનો હેન્ડલ લોકને કોઈ સાધન વડે તોડવાનો પ્રયાસ કરી ગુનો કર્યો હતો જે ગુનો દાખલ થયાના ગણતરીના કલાકોમાં તપાસ દરમિયાન આરોપી કાંતિલાલ કરસનભાઈ લીંબાણી (ઉ.વ.૬૦ રહે.જીયાપર તા.નખત્રાણા)ને આજરોજ તા.૧/૧૧/૨૦૧૮ના સાંજના ૬:૧૫ કલાકે અટકાયત કરેલ છે. આ ગુનો કરતા સમયે વપરાયેલ હથીયાર કોસ જપ્ત કરવામાં આવેલ છે.

તળાવ કૌભાંડી ઈજનેર કાનાણી સહિત ચારની જામીન અરજી ફગાવતી હાઈકોર્ટ

મોરબી સેસન્સ કોર્ટ દ્વારા કરોડો કટકટાવી જનારા કૌભાંડિયાના જામીન ફગાવાયા બાદ હાઈકોર્ટમાં પણ લપડાક

મોરબી : મોરબી જિલ્લામાં નાની સિંચાઈ યોજના હેઠળ કરોડો રૂપિયાના તળાવ કૌભાંડમાં હાલ જેલની હવા ખાઈ રહેલા નિવૃત ઈજનેર સહિતના ચાર આરોપીએ જામીન ઉપર છૂટવા મોરબી સેસન્સ કોર્ટમાં કરેલી અરજી ફગાવાયા બાદ આજે હાઈકોર્ટ દ્વારા પણ તળાવ કૌભાંડિયાની રેગ્યુલર જામીન અરજી ફગાવી દેવામાં આવતા સરકારી નાણાં હજમ કરી જનારાઓનો જેલવાસ લંબાયો છે.

મોરબી જિલ્લામાં નાની સિંચાઈ યોજના હેઠળ કરોડો રૂપિયાના કૌભાંડમાં પોલીસે મોરબી જીલ્લાના નિવૃત પૂર્વ કાર્યપાલક ઈજનેર સી.ડી. કાનાણી, સસ્ટેનેબલ કંન્સટ્રકશન મેનેજમેન્ટ કનસ્લટન્શી રાજકોટના પ્રોપ્રાઈટર ચૈતન્ય જયંતિલાલ પંડ્યા, વેગડવાવ મજુર સહકારી મંડળીના ભરતભાઈ સવજીભાઈ રાઠોડ ઉ.૩૩ અને ગણપતભાઈ ઉર્ફે ગણેશભાઈ મોહનભાઈ રાઠોડ, રે. હળવદની ધરપકડ કરી રિમાન્ડ મેળવી જેલ હવાલે કરતા ચારેય આરોપીઓએ સેસન્સ કોર્ટ દ્વારા જામીન ફગાવતા હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

બીજી તરફ આજે હાઈકોર્ટમાં તળાવ કૌભાંડમાં સંડોવાયેલ ચારેય આરોપીઓની જામીન અરજીની સુનાવણી હાથ ધરાતા સરકાર પક્ષે ધારદાર દલીલો કરી હજુ આ કૌભાંડમાં સંડોવાયેલ અનેક લોકોની ધરપકડ બાકી હોય જો મુખ્ય સૂત્રધારો જામીન ઉપર છૂટે તો તપાસને અસર પહોંચે તેમ હોવાની દલીલો કરતા નામદાર હાઈકોર્ટે ચારેય આરોપીઓના રેગ્યુલર જામીન ફગાવી દીધા હતા જેને પગલે તમામ આરોપીઓની દિવાળી જેલમાં જ જશે.

મોરબીના સિરામિક ઉદ્યોગને રાજ્યમાં-રાજ્ય બહાર અનેક નોકરશાહી દ્વારા હેરાનગતિ

મોરબીનો સિરામિક ઉદ્યોગ આજે વિકાસની હરણફાળ ભરી રહ્યો છે અને ચીન સાથે સ્પર્ધા કરતા સિરામિક ઉદ્યોગપતિઓ વિદેશોમાં પણ સેમીનાર અને પ્રદર્શન થકી વેપારીઓને ખરીદી માટે આકર્ષી રહયા છે ત્યારે રાજ્યમાં અને રાજ્ય બહાર અધિકારીઓની કનડગતથી ઉદ્યોગ ચોતરફ પરેશાનીથી ઘેરાયેલો જોવા મળે છે

મોરબી જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતાએ કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે સિરામિક ઉદ્યોગને અનેક સમસ્યાઓ નડી રહી છે જેમાં અન્ય રાજ્યમાં તોલમાપ વિભાગ એમઆરપી અને વજનના બહાના હેઠળ પેનલ્ટી લેવામાં આવે છે સિરામિક ટાઈલ્સ એકસરખી હોવાથી વજનનો પ્રશ્ન રહેતો નથી તો એમઆરપી દરેક રાજ્યમાં અલગ હોય જેથી બોક્સ પર રબ્બર સ્ટેમ્પ લગાવે છે તો અનેક રાજ્યમાં તોલમાપ અધિકારી કેસ કરીને વેપારીને હેરાન કરે છે

તો ઘરઆંગણે ગુજરાતમાં જીએસટી, ઈન્કમટેક્ષ તેમજ પર્યાવરણ સહિતના વિભાગો ફેક્ટરીમાં મુશ્કેલીઓ ઉભી કરે છે જેથી ઉદ્યોગને જીવંત રાખવા માટે નોકરશાહીને ખત્મ કરવાની જરૂરિયાત હોવાનું જણાવીને આ મામલે કેન્દ્ર અને ગુજરાતના મંત્રીઓને રજૂઆત કરવામાં આવી છે.

મોરબી સિંચાઈ કોભાંડમાં આરોપી વકીલના વચગાળાના જામીન મંજુર

મોરબી જીલ્લામાં નાની સિંચાઈ યોજનામાં થયેલા મસમોટા કોભાંડમાં અધિકારીઓ અને મળતીયાઓ બાદ પોલીસે હળવદના ધારાસભ્ય પરષોતમ સાબરીયા અને મળતિયા વકીલ ભરત ગણેશીયાને ઝડપી લઈને જેલહવાલે કર્યા છે જેમાં આરોપી વકીલે કરેલી જામીન અરજીને પગલે કોર્ટે વચગાળાના જામીન મંજુર કર્યા છે આરોપી વકીલ ભરત ગણેશીયાને તા. ૦૨ ના રોજ નોટરીની પરીક્ષા આપવાની હોય અને તે પરીક્ષા માટે વચગાળાના જામીન અરજી એડવોકેટ દિલીપ અગેચણીયા અને એમ ડી ગણેશીયા મારફત કરી હોય અને કોર્ટે વચગાળાના જામીન મંજુર કરી રાહત આપી છે તો આરોપીએ તા. ૦૩ ના રોજ હાજર થવા આદેશ આપ્યો છે.

મોરબી જીલ્લાના નવ હેડ કોન્સ્ટેબલને એએસઆઈ તરીકે પ્રમોશન

મોરબી જિલ્લા પોલીસવડા દ્વારા બિન હથિયારધારી નવ હેડ કોન્સ્ટેબલોને એએસઆઈ તરીકે તરીકેના પ્રમોશન આપવામાં આવ્યું છે. મોરબી પોલીસવડા ડો. કરનરાજ વાઘેલા દ્વારા નવ હેડ કોન્સ. ને એએસઆઈ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે.જેમાં પ્રદીપકુમાર નથુભાઈ ગોહિલ, ભાનુભાઈ પરબતભાઈ ડાંગર, મણીલાલ રામજીભાઈ ગામેતી, મામદભાઈ માકલેટભાઈ સીદી, અશોકભાઈ પિતામ્બરભાઈ દેત્રોજા, રાવતભાઈ આપાભાઈ લોખીલ, વશરામભાઈ દેવાયતભાઈ મેતા, વિનોદકુમાર દેશાભાઈ વિરડા અને એમ.પી. જોશીને એ.એસ.આઈ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે.

જીપીસીબીના અધિકારીઓ સાથે થયેલ બબાલ બાબતની ફરિયાદમાં જેટલા સમય મોડે થશે ત્યાં સુધી આ કેસ રફેદફે થઈ જશે

જે તે વખતે ઘટના બની ત્યારે gpcp ની ટીમ પોલીસ કચેરીએ ફરિયાદ કરવા ગઈ હતી પરંતુ તે વખતે કોઈ ના દબાણ માં કે સમાધાન કરવા માટે ફરિયાદ કર્યા વગર પાછી ફરી હતી. પરંતુ જો તે વખતે ફરિયાદ થઈ હોત તો ફરિયાદીઓ ના કેહવા મુજબ આરોપી ઓ કે જેઓ દારૂના નશામાં પણ હતા તેથી જો તે વખતે તેમના આરોપીઓના મેડિકલ ટેસ્ટ લેવાયા હોત તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાત હવે જો એફ.આઈ.આર નોંધવામાં પણ આવે તો તે અર્થ વગરનું છે અને એ લીપાપોથી સમાન ગણાશે હવે મેડિકલ ટેસ્ટ કરવામાં આવશે નહિ અને કરવામાં આવે તો તેનું પરિણામ આવશે નહી.

પોલીસની ઈચ્છા પણ સમાધાન કરાવવાની કે કેશ ને લુલો કરવાની હોય એમ લાગી રહ્યું છે.

હાલ GPCB પણ ફક્ત અરજી આપી પોલીસ કાર્યવાહી કરી હોવાનો સંતોષ માની રહી છે.

પત્નીને પિતાના ઘરેથી વધુ દાગીના લઈ આવવાનું કહી ફિનાઈલ પીવડાવી દીધું

મોરબી નજીકના મકનસર ગામે પતિએ તેની પ્રેમિકાની મદદથી પરિણીતા પર ત્રાસ ગુજારી તેમજ પરિણીતાને ફિનાઈલ પીવડાવી દેતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી તો પોલીસે બનાવની નોંધ કરી તપાસ ચલાવી છે

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના મકનસર ગામે પ્રેમજીનગરના રહેવાસી કોકીલાબેન શેખવા નામની પરિણીતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે આરોપી પતિ જયેશ શેખવા અને રેખા સંજય નામની મકનસરની રહેવાસી તેની પ્રેમિકાએ મળીને ફરિયાદી પરિણીતાને તેના પિતાના ઘરેથી વધુ દાગીના લઈ આવવા માટે શારીરિક માનસિક ત્રાસ ગુજાર્યો હતો તેમજ પરિણીતાને પ્રેમિકાની મદદથી ફિનાઈલ પીવડાવી દીધાનું ફરિયાદમાં જણાવ્યું છે પોલીસે દહેજ ધારા અંતર્ગત ગુન્હો નોંધી વધુ તપાસ ચલાવી છે.

ઉમરગામમાં લીફ્ટમાં ફસાતા ૮ વર્ષના બાળકનું કરૂણ મોત

સુરત

લિફ્ટમાં ફસાઈ જઈને નાના બાળકો મોતને ભેટતા હોવાની ઘટનાઓ છાસવારે બને છે. થોડા દિવસો પહેલા જામનગરમાં પણ બાળક લિફ્ટમાં ફસાઈને મોતને ભેટ્યું હતું. જોકે, આવી જ એક ઘટના વલસાડના ઉમરગામમાં બની છે. જેમાં ૮ વર્ષનું બાળક લિફ્ટમાં ફસાઈ જતાં મોતને ભેટ્યું હતું. ઘટનાની જાણ થતાં ઉમરગામ પોલીસ સ્થળ ઉપર પહોંચીને વધુ તપાસ હાથધરી હતી. મળતી માહિતી પ્રમાણે વલસાડના ઉમરગામમાં બુધવારે મોડી સાંજે ગાંધીવાડી વિસ્તારમાં ૮ વર્ષનું બાળક લિફ્ટમાં ફસાયું હતું. મળતી માહિતી પ્રમાણે વલસાડના ઉમરગામમાં બુધવારે મોડી સાંજે ગાંધીવાડી વિસ્તારમાં ૮ વર્ષનું બાળક લિફ્ટમાં ફસાયું હતું. ગોપી હાઉસિંગ સોસાયટીમાં બનેલી આ ઘટનામાં ૮ વર્ષનું બાળક મોતને ભેટ્યું હતું. ગોપી હાઉસિંગ સોસાયટીમાં બનેલી આ ઘટનામાં ૮ વર્ષનું બાળક મોતને ભેટ્યું હતું. બાળક ફસાયાની જાણ થતાં સ્થાનિક લોકોને થતાં લોકોએ લિફ્ટ તોડીને બાળકને બહાર કાઢ્યું હતું.

સાચું કે જો કોને કેટલા લીધા છે ? તળાવ કૌભાંડ મામલે હળવદમાં ગુપ્ત મિટિંગ

હળવદ : મોરબી જિલ્લાના કરોડો રૂપિયાના તળાવ કૌભાંડમાં ધારાસભ્ય સાબરીયાની ધરપકડ બાદ સ્તબ્ધ બનેલ ટોચના નેતાઓ દ્વારા કૌભાંડીયાઓ પાસેથી નાણાં ખંખેરનાર કાર્યકરો અને હોદેદારોને બચાવવા આજે ગુપ્ત બેઠક યોજી હોવાનું અને કોણે કેટલા કટકટાવ્યા છે તે સાચી હકીકત જાણવા પ્રયાસ કર્યો હોવાનું અત્યંત સુમાહિતગાર વર્તુળો જણાવી રહ્યા છે.

મોરબી જિલ્લામાં ચકચારી બનેલા તળાવ કૌભાંડમાં આવ ભાઈ હરખા આપણે બેઉ સરખા જેવી નીતિ વચ્ચે રાજકીય આગેવાનોએ કૌભાંડિયા તત્વો પાસેથી શક્તિ મુજબ નાણાં ખંખેરી લીધા છે ત્યારે હળવદના ધારાસભ્યની ધરપકડ બાદ હવે અન્ય હોદેદારો પણ ઝપટે ચડે તેવા સ્પષ્ટ સંકેતો મળતા ટોચની નેતાગીરી પોતાના મનગમતા અને અગ્રણીઓને બચાવી લેવા મેદાને આવી હોવાની જગજાહેર વાત વચ્ચે આજે હળવદમાં એક અગ્રણી દ્વારા ગુપ્ત બેઠક યોજવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

વધુમાં જાણવા મળ્યા મુજબ હાલમાં તળાવ કૌભાંડમાં નિવૃત ઈજનેર પાસેથી લાંચ રૂપે મસમોટી રકમ પડાવનારાઓનું લિસ્ટ પોલીસ પાસે પણ પહોંચી ગયું હોવાથી કઈ કેટલાય લોકોના તો મોબાઈલ પણ સ્વીચ ઓફ થઈ ગયા છે અને કોઈ કોઈ તો ભૂગર્ભમાં પણ ઉતારી ગયા છે ત્યારે હવે બધું સમુંનમું કરવા આજે નિવૃત ઈજનેર પાસેથી રૂપિયા કટકટાવનારાઓને અગ્રણીનું તાકીદનું તેડું આવતા આ બાબત ટોક ઓફ ટાઉન બની છે અને આ બેઠકમાં કોણ કેટલી રકમનો તોડ કર્યો છે તે કબૂલે છે તે જોવું રહ્યું.

ધારાસભ્યની ધરપકડ બાદ રેલો પુરમાં પરિણમતા ટોચની નેતાગીરી ચિંતિત

રાજપીપળા મચ્છી માર્કેટમાં યુવાનો વચ્ચે નજીવી બાબતે ધીંગાણાંમાં ચારને ગંભીર ઈજા

મારક હથિયારો વડે જીવલેણ હુમલામાં ચારને ગંભીર ઈજાઓ થઈ, નવ વિરુદ્ધ ગુનો દાખલ

મચ્છી પર પાણી નાખતા યુવાનથી પાણીના છાંટા અન્ય યુવાન પર ઉડતા બોલાચાલી બાદ અન્ય માણસોના ટોળા સાથે મારક હથિયારો વડે હુમલો કરી ચાર ને ગંભીર ઈજા

રાજપીપળા : રાજપીપળા ખાતે ના મચ્છી માર્કેટ માં બુધવારે સાંજે પાણી ઉડવા જેવી નજીવી બાબતે ભોઈ પરિવાર ના યુવાનો વચ્ચે ધીંગાણું થતા મારક હથિયારો વડે હુમલા માં ચાર યુવાનો ને ગંભીર ઈજાઓ થઈ હતી

પ્રાપ્ત માહિતી અનુસાર મચ્છી માર્કેટ માં રહેતા ફરિયાદી સોનુ બજરંગભાઈ કહાર એ આપેલી ફરિયાદ મુજબ એના કાકા નો દીકરો પ્રદીપ ગણેશ કહાર મચ્છી પર પાણી છાંટતો હતો એ સમયે પાણી ત્યાંથી પસાર થતા અજુ રમેશ ભોઈ પર પાણી ના છાંટા ઉડતા ઝગડો થયો ત્યારબાદ બોલાચાલી માં બીજા અન્ય લોકો અજુ નું ઉપરાણું લઈ ત્યાં મારક હથિયારો માં ધારિયું અને લોખંડની પાઈપો લઈ આવી કહું કરવાના ઈરાદે ચાર વ્યક્તિનો પર હુમલો કર્યો જેમાં મહેશ ,સોનુ ,સતીશ ,વિજય આમ ચાર ને ઈજાઓ થતા તાત્કાલિક સારવાર માટે ખસેડાયા હતા આ બાબતે ફરિયાદી સોનુ કહારે નવ પૈકી સુરેશ ભાવલાલ ભોઈ ,અજુ પ્રકાશ ભોઈ ,અર્જુન મંગળ ભોઈ ,અરુણ મંગળ ભોઈ ,બબલુ રમેશ ભોઈ ,વિજુ રમેશ ભોઈ કેશુ નાથુ ભોઈ અને અજુ રમેશ ભોઈ મળી કુલ નવ હુમલાખોરો વિરુદ્ધ ફરિયાદ આપતા રાજપીપળા પોલીસે ગુનો નોંધી તમામ સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે તપાસ ટાઉન પી આઈ આર એન રાઠવા કરી રહ્યા છે.

અંકલેશ્વરમાં પર્યાવરણના રક્ષકો પર અસામાજિક તત્વો દ્વારા ફરી હુમલો કરાયો

ઉપરા છાપરી થતા હુમલાના બનાવો ગંભીર બાબત

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીની વાલિયા ચોકડી પાસેના ફાઈનલ પમ્પિંગ સ્ટેશનેથી સેમ્પલિંગ કરી, જતા GEMI ની મોનીટરીંગ ના વાહન ને રોકી વાહન પર હુમલો કરવામાં આવ્યું છે અને વાહન ને નુકશાન કરી ઈજા ટીમના મો.ઈમરાન પઠાણ રે. કાપોદ્રા ને માથાના ભાગે હથિયાર દ્વારા હુમલો કરી ગમ્ભીર ઈજા પોહચાડેલ છે તેમજ પ્રશાંત દોશી રે. અવિથા. ઝહગડીયા અને અન્ય એક ને થિકા પાટુ કરી અજાણ્યા રીક્ષા ચાલક અને અન્ય દ્વારા દવારા હુમલો કરાયો હતો. અંદાજીત ૪ થી ૫ ઈસમો દ્વારા સુયોજિત ગેરકાયદેસર ની મંડળી બનાવી હથિયારો સાથે માથાના ભાગે હુમલો કરી ખૂન ની કોશિશ કરેલ છે.

આ સંગઠિત અને આયોજિત કાવતરું છે .ગંભીર રીતે ઈજા પામનાર GEMI ની ટીમ સભ્યોને તાત્કાલિક, જયાબેન મોદી ખાતે સારવાર અર્થે રાત્રે ખસેડાયા હતા, અને સારવાર પછી રજા અપાઈ હતી.

પ્રકૃતિ શૂરક્ષા મંડળ દ્વારા આ બનાવ ને સખત શબ્દો માં વખોડવામાં આવે છે અને તંત્ર પાસે માંગણી કરીએ છીએ કે યોગ્ય તપાસ કરી પ્રભાવિત થયા વગર વારંવાર બનતા આવા કૃત્યો કરનારા સામે સખ્ત કાર્યવાહી કરી ડામવા આવે.

હાલ પોલીસને જાણ કરાઈ છે અને આ કૃત્ય ના કારણો ની તપાસ ચાલુ છે. આમાં અંગત અદાવત છે કે GEMI ની કામગીરી ને પ્રભાવિત કરવા માટે કરવામાં આવ્યું છે એ તપાસ ના મહત્વ ના છે.

સ્ટેચ્યુ પર જતા પ્રવાસીઓને અમે આંદોલન કરી અટકાવીશું : મહેશ વસાવા

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખુલ્લું મુકાયાના પ્રથમ દિવસે જ યુપીના પ્રવાસીઓએ હોબાળો મચાવ્યો



યુપી સાંસદ અને અપના દલ નેતા અનુપ્રિયા પટેલના સંસદીય ક્ષેત્રમાંથી લોકો એકતા ટ્રેનમાં સ્પેશિયલ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવ્યા હતા

આવનારા દિવસોમાં અમે સ્ટેચ્યુ પર જતા પ્રવાસીઓને પણ અટકાવીશું : મહેશ વસાવા (ધારાસભ્ય, ડેડીયાપાડા)

સ્ટેચ્યુ નો વિરોધ કરતા આદિવાસીઓ ના સમર્થન માં ડેડીયાપાડા ના ધારાસભ્ય મહેશભાઈ વસાવા એ જણાવ્યું કે આદિવાસીઓ ની જમીન પર ઉભા કરાયેલા આ સ્ટેચ્યુ નો અમે વિરોધ કરિયેજ છે સાથે સાથે આવનારા દિવસો માં સ્ટેચ્યુ પર આવનારા પ્રવાસીયો ને પણ અમે આંદોલન કરી અટકાવીશું એમાં કોઈ શંકા નથી .ભલે સ્ટેચ્યુ ખુલ્લું મુકાયું પણ અમારું આંદોલન ચાલુજ રહેશે.

રાજપીપળા: ૩૧મી ઓક્ટોબરે પીએમ મોદીએ કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું .એ બાદ ૧લી નવેમ્બરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું હતું .ત્યારે ખુલ્લું મુકાયાના જ દિવસે યુપીથી મોટી સંખ્યામાં આવેલા પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં નિઃશુકલ પ્રવેશ મુદ્દે હોબાળો મચાવ્યો હતો. જોકે અંતે અપના દલના રાષ્ટ્રીય અધ્યક્ષ આશિષ પટેલે દરમિયાનગીરી કરતા એ તમામને પ્રવેશ અપાયો હતો.

૧લી નવેમ્બરથી કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી સામાન્ય નાગરિકને પ્રવેશ આપવાની શરૂઆત કરાઈ હતી .તો પ્રથમ દિવસે જ યુપીના મીરઝાપુર સાંસદ રાજ્ય કક્ષાના કેન્દ્રીય આરોગ્ય મંત્રી અને અપના દલની નેતા અનુપ્રિયા પટેલના વિસ્તારમાંથી કાર્યકરો અને સ્થાનિકો નિઃશુકલ પ્રવેશની મહેચ્છાએ વારાણસીથી એકતા ટ્રેનમાં કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવી પહોંચ્યા હતા .પરંતુ સવારથી કેવડિયા આવેલા આ કાર્યકરોને બપોર સુધી નિઃશુકલ પ્રવેશ ન મળતા તેઓ પોતાની ધીરજ ખોઈ બેઠા હતા,અને પાણી જેવી પ્રાથમીક સુવિધાના અભાવ વચ્ચે એ કાર્યકરો રઝડયા હતા જેથી ભારે હોબાળો મચાવ્યો હતો .એ તમામ લોકોએ પોતાના પક્ષના ઝંડા સાથે દેખાવો પણ કર્યો હતો .જોકે અપના દલના રાષ્ટ્રિય અધ્યક્ષ આશિષ પટેલે દરમ્યાનગીરી કરતા આખરે એ લોકોને સ્ટેચ્યું ઓફ યુનિટી પર પ્રવેશ અપાયો હતો .સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં નિઃશુલ્ક પ્રવેશ મેળવ્યા બાદ યોગ્ય વ્યવસ્થાના અભાવની ફરિયાદ પણ આ કાર્યકરો કરતા ચુક્યા ન હતા .યુપીના કાનપુર મહાનગર અપના દલ અધ્યક્ષ શ્રીવાસ્તવે પણ નિઃશુકલ પ્રવેશ અપાશે એ વાતનો સ્વીકાર કર્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે અધિકારીઓ છેલ્લા ૧૫ દિવસથી સ્ટેચ્યુ ઓફ યુટિ લોકાર્પણના કાર્યક્રમે સફળ બનાવવાની તૈયારીઓમાં વ્યસ્ત હતા. લોકાર્પણ કાર્યક્રમ સફળ જતા અધિકારીઓએ હાશકારો પણ મેળવ્યો હતો .પણ નર્મદા જિલ્લાના સ્થાનિકોને પ્રવેશ માટે કઈ રીતે ટિકિટ આપવી એ પણ કર્મચારીઓને ખબર નથી,કેવડિ લોકેશન પર પાસ ઈશ્યુ કરવા કોઈ વ્યવસ્થા નથી પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરથી પાસ લઈ અંદર પ્રવેશ અપાય છે,એવા ૧૦૦ પ્રવાસીમાંથી ફક્ત ૩૦ લોકોને જ પ્રથમ પ્રવેશ અપાય છે બાકી રહેલા બહાર ઉભા ઉભા ટાળી જાય છે એવી ચર્ચાઓ પણ પ્રથમ દિવસે આવેલા પ્રવાસીઓમાં ચાલી રહી હતી.

યુપી મિરઝાપુરના સાંસદે જો નિઃશુકલ પ્રવેશનું કહી એમના કાર્યકરો અને સ્થાનિકોને કેવડિયા મોકલ્યા હોય તો જો અહીંના અધિકારીઓ પાસે સાંસદનો ભલામણ કરતો પત્ર પહોંચ્યો ન હોય તો પણ આ પ્રશ્ન ઉદભવી શકે છે .પણ આ ઘટના બાદ એ વાત ચોક્કસ કહી શકાય કે અન્ય રાજ્યોના પ્રતિનિધિઓનું સ્થાનિક તંત્રના અધિકારીઓ સાથે લાયઝનિંગ બિલકુલ નથી.

જોકે અંતે અપના દલના રાષ્ટ્રીય અધ્યક્ષ આશિષ પટેલે દરમિયાનગિરી કરવી પડી હતી એ બાદ યુપીના પ્રવાસીઓ ને સ્પેશિયલ ગેસ્ટના રૂપમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં નિઃશુકલ પ્રવેશ અપાયો હતો.

માનવ જ્યોત સંસ્થા અને કચ્છ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા

કચ્છમાં મળી આવેલ ૨૨ માનસિક દિવ્યાંગોને પરત તેમના વતનમાં મોકલાયા



ભુજ કચ્છ: આજરોજ માનવ જ્યોત સંસ્થા અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા રામદેવ આશ્રમ પાલારા ખાતેથી ૨૨ જેટલા માનસિક દિવ્યાંગોની દિવાળી સુધારીને પરત તેમના વતનમાં પરિવારજનો પાસે મોકલવામાં આવ્યા છે. રામદેવ આશ્રમમાં ૨૨ જેટલા માનસિક દિવ્યાંગોને સારવાર બાદ બરાબર થઈ ગયા બાદ તેમને પૂછપરછ કરતા અને તપાસ કરતાં તેમના પરિવારજનો વતનનો સરનામું મેળવીને આજરોજ મૂળ તેમના વતનમાં પરત મોકલવામાં આવ્યા છે. માનવ જ્યોત સંસ્થાની બહેનો દ્વારા ૨૨ માનસિક દિવ્યાંગોને કુમકુમનું તિલક કરીને સારો જીવન જીવવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કોઈક માનસિક દિવ્યાંગો છેલ્લા એક,બે,આઠ કે દસ મહિનાથી આશ્રમમાં સારવાર મેળવી રહ્યા છે. મનો ચિકિત્સક માનસિક આરોગ્ય હોસ્પિટલના ડો.મહેશ તીલવાણી ખૂબજ સારી સારવાર જેના કારણે માનસિક દિવ્યાંગો સ્વસ્થ થઈ ગયા છે.૧૧ રાજ્યો સુધી તેમના નામ અને સરનામું શોધમાં આવ્યા છે. જ્યારે ૨૨ જેટલા માનસિક દિવ્યાંગો પરત પોતાના વતન જાય



છે ત્યારે માનવ જ્યોત સંસ્થાને ખૂબ જ આનંદની લાગણી વ્યક્ત કરી છે.

માનવ જ્યોત સેવા સંસ્થાના માનસિક દિવ્યાંગો જ્યાં પણ જોવા મળે તો તેમને ગાડી દ્વારા રામદેવ આશ્રમ પાલારા ખાતે લઈ જવામાં આવે છે ત્યારે બાદ તેમને સારી સારવાર,રહેવા તથા જમવાની સુવિધા પણ આપવામાં આવે છે.ત્યારબાદ ગુલામભાઈ મોતા અને માનવ જ્યોત સંસ્થાના કાર્યકરો દ્વારા તેમના નામ અને સરનામુ શોધવામાં આવે છે. માનસિક દિવ્યાંગોને ભુજથી લઈને અલગ અલગ રાજ્યો સુધી અલગ-અલગ ગામ સુધી અને તેમના ઘર સુધી મૂકવાનું કામ શ્રદ્ધા ફાઉન્ડેશન આ સંસ્થા સાથે જોડાઈને સુંદર કામગીરી કરી રહી છે. માનવ જ્યોત સંસ્થાના પ્રમુખ મુનવર ભાઈ પ્રબોધ કચ્છના કોઈ પણ વિસ્તારમાં આવા દિવ્યાંગોની જાણ થતા તાત્કાલીક ત્યાં પહોંચી જાય છે.

આ કાર્યક્રમમાં કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ચંદ્રસિંહ જાડેજા,જોરાવરસિંહ રાઠોડ, દિલીપભાઈ અજાણી, માનવ જ્યોત સંસ્થાના પ્રમુખ મુનવરભાઈ પ્રબોધ,સભુભાઈ જોશી, ગુલામભાઈ મોતા, કચ્છ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ ડી.બી. ગોહિલ,જેન્તીભાઈ જોશી,અનિલભાઈ ગોર વગેરે જોડાયા હતા સાથોસાથ દિલથી આશીર્વાદ અને શુભેચ્છાઓ માનસિક દિવ્યાંગોને પાઠવી હતી.

તિલકવાડાની ૧૦૮ની ટીમે એમ્બ્યુલન્સમાં જ મહિલાની સફળ પ્રસુતિ કરાવી: ટ્વીન્સનો જન્મ



ઈ એમ ટી રિંકલ તડવીની સુજબુજથી સફળ પ્રસુતિમાં એક બેબી અને એક બાબાનો જન્મ થયો

રાજપીપળા : નર્મદા જિલ્લા ના તિલકવાડા ખાતે ની ૧૦૮ એમ્બ્યુલન્સ ને કોલ આવતા એ તાત્કાલિ નસવાડી તાલુકા ના સાતબેડિયા ગામે પોહચી ત્યાં ગર્ભવતી નીતાબેન નામની મહિલા ને સુવાવડ નો અસહ્ય દુખાવો હતો માટે પોતાનો આવડત મુજબ ૧૦૮ ના ઈ એમ ટી રિંકલબેન તડવી એ તાબડતોડ ૧૦૮ ની કીટ નો ઉપયોગ કરી આ બેન ની સુવાવડ એમ્બ્યુલન્સ માંજ કરવા તૈયારી કરી જેમાં પ્રથમ બાળક નો નોર્મલ રીતે જન્મ થયો પરંતુ આ બેન ને જોડિયા (ટ્વીન્સ) બાળકો હોવાનું જણાયું જેમાં બીજો બાળક અંદર ઊંધો હોવાનું પણ માલુમ પડતા સહેજ પણ ગભરાયા વગર એ એમ ટી ટ્વિંકલબેને તુરત ૧૦૮ ના ફિજિશિયન ડોક્ટર રામાણી ની ટેલિફોનિક સલાહ લઈ એ મુજબ સારવાર આપી બીજા બાળક ની પણ નોર્મલ સુવાવડ કરી આ સફળ કામગીરી આખી ૧૦૮ માંજ પુરી કરી ત્યારબાદ માતા અને ટ્વીન્સ બાળકો માં એક બેબી અને એક બાબા ને નજીક માં આવેલા નસવાડી આરોગ્ય કેન્દ્ર માં વધુ સારવાર માટે દાખલ કર્યા આમ પાયલટ ભુપેન્દ્ર તડવી અને ઈ એમ ટી રિંકલ તડવી એ પોતાની સૂઝબૂજ થી એક ટ્વીન્સ બાળકો ની સફળ ડિલિવરી કરાવી હતી અને માતા તથા બાળકો ને જીવતદાન મળ્યું હતું.

યુપી સીએમ યોગી આદિત્યનાથ આજે કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે

રાજપીપળા:ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ૩૧મી ઓક્ટોબરે ભવ્યાતિભવ્ય લોકાર્પણ કર્યું હતું .જ્યારે લોકાર્પણની જાહેરાત થઈ એ સમયે આ કાર્યક્રમમાં ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ ,ભારતના રાષ્ટ્રપતિ સહિત દેશભરના હસ્તીઓ હાજર રહેશે એવી જાહેરાત કરાઈ હતી. પરંતુ અચાનક આ કાર્યક્રમના ફેરફાર કરાયો હતો .બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણના સમયે મંચ પરથી ખુદ નરેન્દ્ર મોદીએ એવી જાહેરાત કરી હતી કે હવે પછીના દિવસોમાં કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે રાજ્યોના મુખ્યમંત્રી,રાષ્ટ્રપતિ સહિત મોટી મોટી હસ્તીઓ આવશે.

ત્યારે ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ બાદ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી અદિત્યનાથ આજે(૨ જી નવેમ્બરે) લગભગ ૧૧ વાગ્યાની આસપાસ કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવી રહ્યા છે.ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી અદિત્યનાથ દેશના પ્રથમ મુખ્યમંત્રી હશે જે લોકાર્પણ બાદ તુરંત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવી રહ્યા છે.તેમની સાથે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ગુજરાત તથા ઉત્તરપ્રદેશના વરિષ્ઠ અધિકારીઓ પણ મુલાકાતમાં જોડાશે.અત્રે એ ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીને લખનૌ જઈને આ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત માટે નિમંત્રણ આપ્યું હતું .જે નિમંત્રણનો સ્વીકાર કરીને એમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની આ મુલાકાતનું આયોજન કર્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીનો હાલ આદિવાસીઓ દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે ત્યારે કેવડીયામાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી, ગુજરાતના મુખ્યમંત્રી સહિત બન્ને રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓની સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતને પગલે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી દેવાઈ છે સાથે સાથે જિલ્લા પોલીસે પણ એમની સુરક્ષા બાબતે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.